# માન ઈન્ડસ્ટ્રીઝે સૌથી ઊંચો નફો નોંધાવ્યો

## શેરધારકોને ૪૦ ટકા ડિવિડન્ડ

મુંબઈ

માન ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ મોટા ડાયામીટરની પાઈપ ઉત્પાદકે ૩૧ માર્ચ ૨૦૧૧ માં પૂરા થયેલા વર્ષાંત માટે રૂા.૯૧.૯૬ કરોડનો સૌથી ઉંચો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. તે સાથે તેણે ગત વર્ષના સમાન ગાળાના રૂા.૬૭. ૦૯ કરોડ સામે ૩૭.૦૭ ટકાનો વધારો નોંધાવ્યો છે. કંપનીએ તેના શેરધારકો માટે ૪૦ ટકા ડિવિડન્ડની જાહેરાત કરી છે. જે ગત વર્ષના સમાન ગાળામાં ૩૫ ટકા હતું. કંપનીએ રૂા.૧૬૩૧.૪૩ કરોડનું કુલ ટર્નઓવર નોંધાવ્યું છે.જે ગત વર્ષના સમાન ગાળાના રૂા.૧૫૨૪.૨૯ કરોડના ટર્નઓવર સામે ૯.૪૫ ટકા વધારો દર્શાવે છે.

કંપનીએ આગલા વર્ષની તુલનાએ નાણાંકીય વર્ષ ૨૦૧૦-૧૧ માટે સારી કામગીરીને જાળવી રાખી છે. દેશભરમાં ઈન્ડસ્ટ્રી અને ઈકોનોમીમાં આવેલા પડકારો ઝીલીને પણ કંપનીએ પોતાની કામગીરી જાળવી રાખી છે. કંપનીની ૨૩ મી વાર્ષિક સામાન્ય સભાને સંબોધતી વખતે માન ઈન્ડસ્ટ્રીઝ (ઈન્ડિયા) લિ.ના ચેરમેન આર.સી.મનસુખાનીએ કહ્યું કે, કંપનીએ તેની ક્ષમતા પુરવાર કરી છે અને સરેરાશ ઈન્ડસ્ટ્રી અને દેશમાં આવેલા આર્થિક પડકારો સામે ટકી રહીનેપોતાની મજબુતાઈનો પરચો આપ્યો છે. કંપની આવનારા આગામી સમયમાં ઓર્ડરની વૃધ્ધિ જોઈ રહી છે. અમે રૂા.૧૫૦૦ કરોડની મજબુત ઓર્ડરબુકની સ્થિતિ જોઈ રહ્યા છીએ. કંપની ઘરઆંગણે અને આંતરરાષ્ટ્રીય બજારમાં ઘણા પ્રોજેક્ટ માટે બીડમુકી રહી છે. અમને વિશ્વાસ છે કે અમે ચોક્કસ નવા ઓર્ડરો મેળવીશું.

એજીએમમાં કંપનીના વાઈસ ચેરમેન અને મેનેજીંગ ડીરેક્ટર તરીકે જે.સી.મનસુખાનીની પુનઃ નિમણુંકને મંજુરી આપવામાં આવી છે. આ પુનઃ નિમણુંકી ૨૩ નવે.૧૧ ના રોજથી અમલમાં મુકાશે. તે ઉપરાંત નીખીલ મનસુખાનીની વધારાના ડીરેક્ટર તરીકે નિમણુંકકરવામાં આવી છે. કંપનીએ તેના શેરધારકોને કંપનીના એકઝીકયુટીવ ડીરેક્ટર જે.એલ.મનસુખાનીનું ૩૧ ઓકટો.૨૦૧૧ ના રોજ નિધન થયું હોવાની જાણ કરી હતી.